જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૪/૨૦૧૮ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૩૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૫ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૫૦૭ લીટર દેશી દારૂ, ૧૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૫૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ રિક્ષા, ૩ સ્કૂટર અને ૦૧ એમ્બ્યુલન્સ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૩૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૭૩૨/૧૮

**વસ્ત્રાપુરઃ** દિલીપસિંહ દેવિસિંહ રાઠોડ ઉ.વ.૩૧ (રહે.આકાશ ટાવરની નીચે બેઝમેન્ટમા ઓશિયા હાઈપર માર્ટ નામની દુકાનની અંદર જજીસ બંગલા રોડ વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૪/૧૮ રાતના ૧૧/૧૫ થી તા.૧૫/૦૪/૧૮ ના કલાક ૧૦/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન દિલીપસિંહે આરોપી વિરેંન્દ્ર રામપ્રકાશ મેદીપુરા (રહે,કંપનીના ગોડાઉનમા રખિયાલ) ઉપર વિશ્વાસ રાખી કંપની ની કેશ રૂપિયા ૧,૮૭,૦૦૦/- ખોખરા શોરૂમ પર જમા કરાવવા આપેલ, જે રોકડ લઇ ટેંપોમાં નિકળેલ આરોપીએ ખોખરા શો રૂમ પર કેશ જમા નહી કરાવી, ટેંપો રસ્તા પર છોડી, રોકડ લઇ નાસી જઇ દિલીપસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૭૩૩/૧૮

**સોલા હાઇકોર્ટ :** રાજેન્દ્રકુમાર સ/ઓ ટપુભાઇ તન્ના (રહે.શાયોના ગ્રીન વિષ્ણુધારા ક્રોસ રોડ પાસે વોડાફોન ટાવર પાછળ ગોતા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૪/૧૮ ના કલાક ૦૦/૩૦ થી કલાક ૭/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની ગેલેરીના દરવાજાથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપીયા ૫,૨૦,૦૦૦/- મતાના ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એચ.ગઢવી ચલાવે છે.

**લુંટની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૭૩૪/૧૮**

**કાલુપુર:** ચિરાગકુમાર રણજીત શાહ (ઉ.વ.૨૭)(રહે,નિર્મલકલા એપાર્ટમેન્ટ, સંગાથ એપાર્ટમેન્ટની સામે મોઢેરા રોડ સાબરમતી) નાઓ નાગપુરથી ઉઘરાણી તેમજ ઓર્ડર લઈ વહેલી સવારના ૩/૧૫ વાગ્યાના સુમારે કાલુપુર રેલ્વેસ્ટેશન ખાતે ઉતરેલ અને ત્યાંથી રેવડી બજાર અલંકાર ટોકીઝ સામે આવી એક રિક્ષામાં બેસી જતા હતા દરમ્યાન બીજા બે ઇસમો રીક્ષામાં બેસેલ અને જણાવેલ કે “અમારે સાબરમતી ટોલનાકા ઉતરવાનું છે તુ ચુપચાપ અંદર બેસી રહેજે! જો કંઈપણ બોલીશ તો આ છરો મારી દઈશ” તેમ જણાવી ઓટોરિક્ષા કાલુપુર સર્કલથી માધુપુરા મુસાસુહા કબ્રસ્તાન પાસે લાવી બ્રીજ નીચે લઈ જઈ ચિરાગકુમાર ને જણાવેલ કે “તારી પાસે જે કંઈ પણ હોય તે આપી દે” તેવી ધમકી આપી રોકડા રૂપિયા ૧,૦૦,૦૦૦/- અને વીસથી બાવીસ ચેક, લાઈસન્સ, પરચૂરણ કાગળો તથા સેમસંગ મોબાઇલ ફોન વિગેરે તમામ વસ્તુ પડાવી લઈ, લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ ચિરાગભાઇ શાહે માધુપુરા પોલીસ સ્ટેશન ખાતે ૦૦/૧૮ નંબરથી લખાવતા માધવપુરા પોલીસે વધુ તપાસ અર્થે ફરીયાદ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ટ્રાન્સફર કરેલ છે

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૭૩૫/૧૮**

**શાહીબાગ :** મોનીકાબહેન રાકેશભાઇ કનવર(રહે,પાર્થેય ફ્લેટ જુના સર્કીટ હાઉસ ની બાજુમાં શાહીબાગ) તા.૧૫/૦૪/૧૮ સાંજના ૦૭/૪૫ વાગ્યાના સુમારે શાહીબાગ સીધ્ધી એપાર્ટમેંટ આગળ રોડ ઉપર ચાલતા પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાઇકલ ઉપર આવેલ અજાણ્યા પુરૂષે મોનીકાબહેન ને સરનામુ પુછવાના બહાને નજીક આવી, મોનીકાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની ફરીયાદ મોનીકાબહેન કનવરે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.કે.મકવાણા ચલાવે છે.

**કરંટ લાગતા પડી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૭૩૬/૧૮**

**બાપુનગર :** શમીઅહેમદ સ/ઓ મોહમદફારુક શેખ (ઉ.વ.૨૫)(રહે,શનશાઇન એસ્ટેટ મણીયાર ટ્રેલર બાપુનગર) તા.૧૫/૪/૧૮ ના કલાક ૨/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર મણીયાર ટ્રેલર શનશાઇન એસ્ટેટ ખાતે આવેલ સાબુના કારખાનામાં ધાબા ઉપર પાણી ની ટાંકી ભરતીવખતે ઇલેકટ્રીક બોર્ડ ની સ્વીચ બંધ કરવા જતા, કરંટ લાગતા પાણીની ટાંકી ઉપર થી નીચે ધાબા ઉપર પડી જતા, માથા ના ભાગે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ઠાકોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૩૭/૧૮**

**સરદારનગર :** બાળચંદરાવ અનુપરાવ રાવ (રહે,કોલીવાસ પ્રભુસેવા સંતોષીનગર કુબેરનગર સરદારનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૫/૦૪/૧૮ ના કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેંદ્રસિહ લાલસિહ ચલાવે છે.

**ઓઢવ :** રાહુલ ઉર્ફે ગોપાલ જીવાભાઇ કંડારા (ઉ.વ.૨૬)(રહે,આંબેડકર આવાસ યોજના નિલકંઠ સોસાયટી ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૪/૪/૧૮ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામા પડેલ ફિનાઇલ પી જતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૫/૪/૧૮ કલાક ૪/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર આત્મારામ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.